# મૃત્યુ વિષયક

**૨/૬૪ ૦.૫૯.૧૪ વિષ્ણુ જોષી, અમી ઠાકોર, જાનકી જોષી**

**અ.૨**

ભક્તસારથિ તું પ્રભો!, દોરી તારે હાથ;
મૂક્યું માથું ચરણમાં;, મા કર અધવચ ઘાત! ૧૦.

**અ.૧૭**

વૃક્ષશાખા તોડતાં;, મરે વૃક્ષ ન ખાસ;
થાય ડાળી નિર્જીવ એ;, તેમ જીવ ઉદાસ[1] ૩૫.

શરીર પડતાં ના પડે, મરતાં ન મરે એહ;
બ્રહ્મરૂપ અખંડ એ, ભિન્ન દેહથી તેહ. ૩૬.

અંતકાળે રોગીને, થતાં ત્રિદોષ જાણ,
થાએ વ્યાકુળ એ અતિ, રહે ન કાંઈ ભાન. ૪૮.

ઈન્દ્રિયો ખેંચાય ને, થાય લીન મન માંહ્ય;
થાય મનોલય પ્રાણમાં, પ્રાણ તેજમાં જાય. ૪૯.

ભળે તેજ પરતેજમાં, દેવસ્વરૂપે એમ;
કોણ કોને ત્યાં લહે?, રડે મૂઢજન તેમ. ૫૦.

સ્ત્રીપુત્રાદિક સહુ રડે, થાએ રડારોળ;
કહે કોણ હું? જો મુને!, ફરે ન દૃષ્ટિ લોલ!! ૫૧.

થઈ લીન તે ના ફરે, દૃષ્ટિ પાછી જાણ;
અભ્યાસે ત્યમ દેહનું, જતાં સમૂળ ભાન. ૫૨.

થાય ઈન્દ્રિયો લીન એ, ચિત્ત માંહે તેમ
ચિત્ત પ્રાણમાં પ્રાણ પણ, શમે તેજમાં એમ. ૫૩.

શમે તેજ પરતેજમાં, પરબ્રહ્મમાં જાણ;
અનુકૂલાભ્યાસે ક્ષણે, સમરસ જીવ પ્રમાણ. ૫૪.

કોણ કોને ઓળખે, જ્યાં દ્વૈત ના લેશ?
થતાં વિસ્મૃતિ મોતથી, ફરી ભોગવે કલેશ. ૫૫.

જન્મમરણપરંપરા, ટળે ન કાયમ ત્યાંય
થતાં લીન અભ્યાસથી, ભ્રાંતિ સમૂળ જાય. ૫૬.

શરીરભાન ગળે સહુ, નાવે કદિએ મોત;
જન્મ કદાપિ થાય ના;, એ તો જીવન્મોત! ૫૭.

થતાં જ્ઞાન વિજ્ઞાન[2] ત્યાં, થાય કામના પૂર્ણ;
બ્રહ્મજ્ઞાનફળ એ નકી, મળે નિર્વાણ તૂર્ણ ૮૦.

ઘટપૂર્વે માટી હતી, મધ્ય માટી જાણ;
ફૂટતાં ઘટ મૃત્તિકા, થાય પૂર્વવત્ માન. ૮૨.

ઓળખતાં ઘટ એક એ, જાણે સર્વ વિકાર
મૃત્તિકાના માનવી;, નામ તિહાં આકાર.૮૩.

નાશવંત બંને નકી, એક મૃત્તિકા સાર;
આદિ અંત મધ્યે રહ્યું, એમ બ્રહ્મ નિર્ધાર. ૮૪.

ઘટદ્રષ્ટા,જ્યમ ઘટ થકી, લોકે જુદો જાણ;
દેહદ્રષ્ટા ત્યમ દેહથી, ત્વંપદાર્થ એ માન. ૮૯.

સ્ત્રીપુત્રાદિક સર્વ એ, સ્વપ્રીત્યર્થ જેમ;
તત્પ્રીત્યર્થ ન એ કદિ, સ્વાત્મા પ્રિયતમ તેમ. ૯૦.

ત્વંપદાર્થ સુખરૂપ એ, માટે બ્રહ્મસ્વરૂપ;
એ જ સત્ એ ચિદ્ નકી, એવું ઐક્ય અનુપ. ૯૧.

પડે દેહ તોએ કદિ, તૂટે ના સ્વપ્રેમ;
લાગે હું હોઉં સદા;, ત્વંપદાર્થ સત્ એમ. ૯૨.

જવું આવવું મનતણું, તેમ બુદ્ધિવિકાર;
જાગ્રત્સ્વપ્નનિદ્રાતણા, જાણે અનુભવ સાર. ૯૩.

હું અખંડ એ બ્રહ્મ છું, કેવલ નિશ્ચલ એક;
સત્યાદ્વૈત વિશુદ્ધ હું, આનંદામૃત છેક. ૧૨૮.

યોગાભ્યાસે સ્થિર કરી, ચિત્ત નિરંતર આમ;
કરતાં ધ્યાન અખંડ આ, પામે અક્ષય ધામ. ૧૨૯.

**અ.૩૧**

**મદાલસા માતા :-**

કહે માત સુતકર્ણમાં;, સાંભળ સાવધ બાળ;
કર્યું હાડકાંથી અહા, ઊભું આ વિકરાળ! ૩૩.

બાંધી નાડીઓ બધે;, લીપ્યું માંસે તેમ;
ભર્યું રક્તમલમુત્રાથી, છેક અમંગલ એમ. ૩૪.

કાક કૂતરા માંસને, લઈ જાય ના જાણ;
માટે ઢાંકી ચામડે, રક્ષે ઈશ્વર માન. ૩૫.

અંતર્બાહ્ય અશુદ્ધ જે, ના સ્વાત્મા તે એમ;
વ્યર્થ મોહમાં કાં પડે, અહંમમત્વે તેમ ? ૩૬.

૧. તટસ્થ, જન્મમરણ, સુખ-દુ:ખ વિ.થી અસ્પૃષ્ટ ૨. સ્વાત્માનુભવ

તું તો મંગલ સર્વથા, ના અપવિત્ર શરીર;
દેહ ન તારો જાણ રે!, મા ઠગાઈશ ધીર!! ૩૭.

મન પ્રાણેન્દ્રિય બુદ્ધિ ને, અંહકાર પણ તેમ;
ના સ્વાત્મા; જો અંતરે, શાંત વિચારી એમ. ૩૮.

ઘટદ્રષ્ટા ઘટથી કહ્યો, ભિન્ન સર્વથા જાણ;
તેમ દેહાદિકતણો, દ્રષ્ટા ભિન્ન પ્રમાણ. ૩૯.

સ્વયંજ્યોતિ કેવળ અહા!, આત્મા પવિત્ર એહ;
એજ રૂપ તારૂં અરે!, મા કર તું સંદેહ!! ૪૦.

ના જન્મ્યો તું મૂળમાં;, ક્યાંથી આવે મોત?
ના વિકાર સ્પર્શે તુને, ક્યાં વર્ણાશ્રમ ગોદ ? ૪૧.

ક્યાંથી આવ્યો? કોણ તું?, રડે વ્યર્થ કાં એમ?
નાંખ્યો કોણે મોહમાં?, કર વિચાર તું તેમ! ૫૯.

પૂર્વાર્જિત કર્મે મળ્યો, દેહ માનવી આમ;
જાણ ભિન્ન એ તુજ થકી, તું તો સ્વાત્મારામ. ૬૨.

ધરી અહંતા એહની, મમતા મેલી તેમ;
કરે કર્મ જો ત્રિવિધ તું, મટે ન ભ્રમણા એમ. ૬૩.

જન્મમરણઘટમાળ આ, લખચોરાશી જાણ;
ટળે ન અજ્ઞાને કદિ, અહંગ્રસ્તની માન. ૬૪.

આત્મા સ્વયંપ્રકાશ જે, કેવલ સાક્ષી એમ;
અજ અક્ષય અવિકાર એ, રૂપ માહરૂં તેમ. ૬૫.

એવો નિશ્ચય કર સદા;, નિત્ય સત્ય હું એક;
ભૂત સર્વ મુજમાં વસે, હું ભૂતોમાં છેક! ૬૬.

શુદ્ધ બુદ્ધ અદ્વૈત હું, સચ્ચિત્સુખમય જાણ;
એવું ધ્યાને દૃઢ કરી, રહે સ્વાત્મસ્થ માન. ૬૭.

સાધુ ઓળખવા સ્વયં, થાવું સાધુ જાણ;
એ વિણ સૂક્ષ્મ રહસ્ય એ, લહે ન કોઈ માન. ૧૧૫.

**અ.૩૨**

પિતૃપ્રેતાદિક બધાં, તરે સ્વકર્મે તેહ;
તારે બીજો નર વૃથા, ભ્રાંતિ કેવળ એહ. ૪.

કર્માધીન નિવાસ આ, જીવમાત્રનો જાણ;
નિર્મ્યો વિધિએ યોગ સહ, વિયોગ તેમજ માન. ૩૫.

**અ.૩૩**

કહેઃ ભૂતસંઘાત આ, સ્થૂલ દેહ જડ જાણ;
વિકારવશ ક્ષણ ક્ષણ નકી, કેવલ અનિત્ય માન. ૩૦.

નિર્વિકાર આત્મા સ્વયં, વ્યાપક અખંડ તેમ;
પરિચ્છિન્ન દેહાદિને, જાણે અલિપ્ત એમ. ૩૧.

એજ રૂપ મારૂં નકી, ભિન્ન દેહથી જાણ;
સત્ય ચિદાત્મા એક હું, ચાલક ભાસક માન. ૩૨.

રહી ઈન્દ્રિયોમાં કરે, ચલનવલન જે એમ;
નિદ્રામાં જડતા ધરે, પ્રાણ સાક્ષી હું કેમ? ૩૩.

દોડે ક્ષણ ક્ષણ મન અહા, જાણું સઘળું એમ;
ના હું એવો ના કદી, આવે સંશય તેમ. ૩૪.

છેક ભિન્ન વિભુ અચલ હું, ના મન તેથી જાણ;
થાય લીન જે ઉંઘમાં, ના બુદ્ધિ વિજ્ઞાન. ૩૫.

સાક્ષી ચેતા હું અહા!, ભિન્ન સર્વથી એમ;
અહંકાર પણ હું નહીં, જડ ત્રિગુણાત્મક તેમ. ૩૬.

શુદ્ધ બુદ્ધ પર હું નકી, અતીંદ્રિય પ્રમાણ;
અજર અમર અક્ષય સદા, ના મર્ત્ય નર માન. ૩૭.

એવો નિશ્ચય હું તિહાં, ક્યાંથી આવે દુઃખ?
બન્યો કેમ હા બાવરો?, હું તો કેવળ સુખ! ૩૮.

આમસ્તકપદ ના દિસે, દુઃખ શોધતાં તેમ;
જન્મમરણ વ્યાધિ બધાં, દેહ દુઃખ ના એમ. ૩૯.

સ્પર્શે મુજને સર્વથા;, હું તો ન્યારો જાણ;
પીડાએ પણ જડ નકી, ભૂખતરસથી પ્રાણ. ૪૦.

ના હું તદ્દુઃખે કદિ, થાઉ દુઃખિત એમ;
વર્તે મુજ સત્તા થકી, સર્વ ભૃત્યવત્ તેમ. ૪૧.

રાગદ્વેષનું મૂળ એ, ચંચલ મન પ્રમાણ;
હસે રડે સુખદુઃખથી, અન્નવિકારે માન. ૪૨.

ના હું જો એ સર્વથા, નડે કાં મુને એમ?
દુઃખ એકનું અન્યને, સ્પર્શે શું કદિ તેમ? ૪૩.

એમ વિચારી અંતરે, જાણી દુઃખકારણ,
બોલે હાસ્ય કરી તિહાં!, કહેઃ કર્યું શોધન. ૪૪.

વ્યોમ વાયુ ને તેજ એ, જળ પૃથ્વી પણ તેમ;
ભૂતો જડ ચંચલ બધાં, રૂપ ન મારૂં એમ. ૪૫.

સત્ ચિત આત્મા એક હું, કેવલ નિશ્ચલ જાણ;
ભૂત ભૌતિક ગુણ થકી, ન્યારો નિર્ગુણ માન. ૪૬.

મનપ્રાણેંદ્રિયબુદ્ધિનો, સાક્ષી ચેતન તેમ;
તદ્ તદ્ દુઃખે કાં રડું, જો ભિન્ન હું એમ? ૪૭.

દેહાહંતા દુઃખનું, મૂળ અમંગલ જાણ;
તત્સંગ ત્યાગે ન એ, જડે દુઃખનું સ્થાન; ૪૮.

સૂક્ષ્મ વિચારે માહરૂં, જાણ્યું સ્વરૂપ એમ;
થયું દુઃખ મનને નકી, કહું અનુભવે તેમ. ૪૯.

દુર્લભ આત્મવિવેક આ, ઢૂંઢે ઋષિમુની જાણ;
પ્રશ્નમાત્રાથી એ સ્ફૂર્યો, થતાં અનુગ્રહ માન. ૫૦.

સ્વયંપૂર્ણ હું સર્વદા, વધું ઘટું ના તેમ;
ભાસે મનમાં દુઃખ જે, સ્પર્શે મુજને કેમ ? ૫૧.

જે જે ભાસે તે બધું, માયિક નશ્વર જાણ;
દેહેંન્દ્રિયપ્રાણાદિનું, સુખ પરિણામી માન. ૫૨.

ના તેથી સંબધ્ધ હું, નિત્યાદ્વૈત અખંડ;
શુદ્ધ નિરંજન પૂત હું, તેજઃપુંજ અદંડ! ૫૩.

અક્ષય અવિનાશી સદા, પરિણામાતિગ તેમ;
સર્વસંગનિર્મુક્ત હું, સુખદુઃખાતિગ એમ. ૫૪.

પંચભૂતસમૂહ જે, સ્થૂલ દેહ એ જાણ;
સૂક્ષ્મ વાસનામય નકી;, બંને જડ પ્રમાણ! ૫૫.

ના જાણે નિજ રૂપને, શું જાણે પર એમ?
માટે એથી ભિન્ન હું, સાક્ષી ચેતન તેમ. ૫૬.

વાત પિત્ત કફ ધાતુઓ, વસે સ્થૂલમાં જાણ;
થતાં કુપિત એ વ્યાધિથી, પીડાએ તનુ માન. ૫૭.

તોએ જડ એ ના લહે, વિકાર નિજનો એમ;
જે જાણે તે પર નકી, સાક્ષી સ્વાત્મા તેમ. ૫૮.

કામાદિક સૂક્ષ્મે સ્ફૂરે, થાય સૂક્ષ્મને રોગ;
જે જાણે પર એ વસે, જ્યાં ના બંને યોગ. ૫૯.

માટે કારણ દુઃખનું, કારણ[1] એ અજ્ઞાન;
જ્ઞાનીને સ્પર્શે નહીં, સ્વપ્ને પણ જે માન. ૬૦.

કરતાં વિચાર એ ક્રમે, ભાસે મનમાં દુઃખ;
ભર્યો જેમનો તેમ હું, કેવળ અખંડ સુખ! ૬૧.

ચૌદ લોકનો નાથ હું!, કેવળ સુખનું ધામ;
આપ્તકામ નિષ્કામ હું, અભિન્ન આત્મારામ. ૮૨.

ના જાણ્યું આ જ્યાં સુધી, દુઃખ ત્યાં સુધી જાણ;
થતાં જ્ઞાન અદ્વૈત એ, રહે ન દુઃખનિશાન. ૮૭.

**અ.૩૯**

કરી રટણ ઓંકારનું, ત્યજવા કહ્યું શરીર;
મૃત્યુચિહ્ન બોધ્યાં અહા, સ્વરાધારથી ધીર! ૮૮.

**અ.૪૦**

કોણ અમર ભૂતલ વિષે?, ગ્રસે કાળ તમામ;
માટે છોડી ભય સુધી, કરે ધ્યાન નિષ્કામ. ૫૪.

જાયું તે જાશે નકી, જાણી એમ સુજાણ;
ચિત્તૈકાગ્ર્યે સર્વદા, કરવું સ્વાત્મધ્યાન. ૫૬.

મરણ સુધી ના છોડવું, આત્મધ્યાન એ તેમ;
ધ્યાતાં ધ્યેય થવાય ને, ચૂકે ફેરો એમ. ૫૭.

થાય નષ્ટ પ્રતિબંધ તો, આ જન્મે જ સુમુક્ત;
નહિ તો જન્માંતર વિષે, થાય સતત જે યુક્ત. ૫૮.

જાય વૃથા અભ્યાસ ના, કહે પુકારી વેદ;
માટે રાત્રંદિન કરે, યોગાભ્યાસ અખેદ. ૫૯.

દૈવે જ્ઞાન થયા વિના, થાય મૃત્યુ યદિ જાણ;
યોગભ્રષ્ટ થઈ વરે, અન્ય જન્મ નિર્વાણ. ૬૦.

સંસ્કારોથી પૂર્વના, પુનઃ કરે અભ્યાસ;
જ્યાંથી બાકી હોય તે, ત્યાંથી આગળ ખાસ. ૬૧.

પામી અંતે જ્ઞાન ત્યાં, થાયે મુક્ત સુજાણ;
ના પામે દુર્ગતિ કદિ, અનુભવ શાસ્ત્ર પ્રમાણ. ૬૨.

માટે નિશ્ચલ આસને, અંતકાલમાં એમ,
બેસી સુસ્થિર દેહથી, ચિતૈકાગ્ર્યે તેમ. ૬૩.

ડાબી એડી ગુદા વિષે, અન્ય મેંઢ્ર પર જાણ,
રાખી યુક્તિથી પુનઃ, ખેંચે ઊર્ધ્વ અપાન. ૬૪.

૧. કારણ દેહ

દાબી હનુ ઉર પર તથા, સપ્તરંધ્ર પર તેમ;
રાખી અંગુલિ અંતરે, કરે વશ્ય મન એમ. ૬૫.

ઈન્દ્રિય મનમાં ધ્યાનથી, કરી લીન સુજાણ,
મન પ્રાણમાં લીન કરી, થઈ સુસાવધ માન. ૬૬.

પંચપ્રાણો એકઠા કરી, સુષુમ્ણા માંહ્ય,
ભેદી મૂર્ધસ્થાનને, જાવું નિર્ભય ત્યાંય. ૬૭.

ચિંતી પરમાત્મા હૃદે, ૐ ઉચ્ચારી તેમ;
લેવી મુક્તિ જ્ઞાનથી, આત્મધ્યાને એમ. ૬૮.

રાતે દિવસે નર યથા, ના ભૂલે ગૃહદ્વાર,
ખોલે અચૂક એ યથા;, તેમજ આ નિર્ધાર. ૬૯.

યોગાભ્યાસે દ્વાર સહુ, થતાં પ્રકાશિત એમ,
મધ્યમાર્ગથી યોગીઓ, જાએ અચૂક તેમ. ૭૦.

માટે આળસ છોડીને, કરવો નિત્યાભ્યાસ;
મળે મોક્ષ તેને નકી, થાએ ભ્રષ્ટ ન ખાસ. ૭૧.

ઊભું રહે ઘર જ્યાં સુધી, રહે મોજથી જાણ;
માંકડ ચાંચડ ઉંદરો;, નાસે પડતાં માન. ૭૨.

સ્ત્રીપુત્રાદિક તેમ આ, રહે આશથી પાસ;
મરતાં ક્ષણ પણ ના ઠરે, દે ફૂંકી જયમ ઘાસ! ૭૩.

શાને સોબત એમની, લૂંટે જે પર[1] ધન
અંતે નાસે છોડીને, રહે સાથ ના ક્ષણ! ૭૪.

યાવત્ મોજમઝા મળે, રાખે તાવત્ પ્રેમ;
દેહ થાકતાં ના રહે, પાસે કોઈ એમ! ૭૫.

થતાં પરાધીન રોગથી, કહે મરે તો ઠીક;
બોલાવ્યા બોલે નહીં!, પ્રીત દુન્યવી ધિક્!! ૭૬.

કૂતરા સમ ટૂકડો, આપે ખાવા જાણ;
છોડી વાગ્બાણો અહા, વીંધે મર્મસ્થાન! ૭૭.

નાવે કરુણા જેમને, અંતે વેરી જેહ;
શાને સોબત તેમની?, જોવું આત્મહિત તેહ! ૭૮.

બને વિશેષ ન જો તહીં, અલ્પ અલ્પ પણ જાણ
કરવો ઉત્સાહે સદા, આત્માભ્યાસ પ્રમાણ. ૭૯.

માટીનો ઢગલો કરે, ધીમે ધીમે જેમ
ડીમક[2] મુખથી જાણ આ, વધે અભ્યાસ તેમ. ૮૦.

કીડી કણ મુખમાં ગ્રહી, પડે તોય પણ જાણ,
પુનઃ પુનઃ યત્ને ચઢે;, કરવું તેમજ ધ્યાન. ૮૧.

માટે ધૈર્ય ન છોડવું, કરવો સતતાભ્યાસ
રાખી શ્રદ્ધા અંતરે, છોડી આળસ ખાસ. ૮૪.

ભાસક જાગ્રત્સ્વપ્નનો, ઈન્દ્રિય ચાલક તેમ;
એજ સચ્ચિત્સુખ નકી, ધ્યાવો આત્મા એમ. ૮૫.

થાય કીટ તન્મય યથા, ભ્રમરધ્યાનથી જાણ,
એજ દેહમાં ભ્રમરતા, પામે નિશ્ચય માન; ૮૬.

તેમજ યોગી ધ્યાનથી, થાએ ધ્યેય સ્વરૂપ;
ના આશ્ચર્ય તિહાં કશું, મા શંકા કર ભૂપ! ૮૭.

જીવ બ્રહ્મ મૂળે સ્વયં, કરતાં બ્રહ્મધ્યાન,
જાણી બ્રહ્મત્વ આત્મનું, લે નિશ્ચય નિર્વાણ. ૮૮.

માટે ત્રિકાલ સાધીને, કરે સદા અભ્યાસ;
બને કાળનો કાળ એ, જીવન્મુક્ત ઉદાસ! ૮૯.

થાવા સિદ્ધિ અભ્યાસની, ભજવો ઈશ્વર તેમ;
ઈશ્વર સદ્‌ગુરુ રીઝતાં, પડે કષ્ટ ના એમ. ૯૦.

કરી મજુરો એકઠા, કામ કરાવે જાણ,
થઈ શેઠ સાક્ષી સ્વયં, તેમ અત્ર પણ માન. ૯૧.

માની મજૂર ઈન્દ્રિયો, કરાવવું નિજ કામ;
સાવધાન ઉપર રહી, અખંડ આત્મારામ. ૯૨.

જેમ મુકાદમ મજૂર પર, રાખે ધનિક સુજાણ,
તેમ ઈન્દ્રિયો પર નકી, મન મુકાદમ જાણ. ૯૩.

થાએ ના ઉદ્દામ એ, મજૂર ઈન્દ્રિય તેમ;
કરે બતાવ્યું કામ ના, પડે પ્રમાદે એમ. ૯૪.

વિત્ત મુકાદમને વધુ, આપી અન્યથી જાણ,
રાખે ખુશ સદા સુધી;, તેમ અહીં પણ માન. ૯૫.

પ્રસન્ન મન રાખે સદા, આપી ઉચ્ચાનંદ;
જોડી મદ્રુપે નકી, ત્યજી વિષયની ગંધ. ૯૬.

મન માગે સુંદર અતિ!, મન્મૂર્તિથી તેમ
ના સુંદર કોઈ વધુ, જાણ ત્રિભુવને એમ!! ૯૭.

માટે જોડે એહને, વારંવાર સુજાણ,
મોહક મદ્રુપે નકી, ઠરે તોજ એ માન. ૯૮.



૧. આત્મારૂપી ધન ૨. ઉધઈ

થાએ સિદ્ધિ યોગની, થાય મુક્ત નર એમ;
સગુણક્રમે નિર્ગુણ મહીં, થતાં મનોલય તેમ!! ૯૯.

ચણા ચાવવા લોહના, ના બચ્ચાંનો ખેલ;
રંગ ગુરુકૃપા હોય તો, કરે મોતથી ગેલ!! ૧૦૦.

**અ.૪૧**

બે અક્ષરનો મંત્ર એ, તારે નિઃસંદેહ;
ભવબાધાહારક નકી, મંત્રોત્તમ ગુરુ તેહ. ૧૨.

ગુરુ ગુરુ કરતાં શ્વાસ આ, જાઓ નિશ્ચય એમ;
ના ઈચ્છા બીજી કશી, પામ્યો સકળ ક્ષેમ. ૧૩.

કાઢી ચર્મ આ દેહનું, જૂતાં ગુરુપદ માંહ્ય
ઘાલું તોએ ના વળે, એ ઋણ શ્રી ગુરુરાય! ૧૪.

કરો કૃપા ગુરુવર હવે, રાખો સ્મરણ અખંડ;
ના ભૂલું પદ આ કદિ, પડી જતાં પણ પંડ. ૧૫.

**અ.૪૫**

જે જેનું મૃત્યુ લખ્યું, થાય અન્યથા કેમ?
ના જાણી મૂરખ રમે, નશ્વર દેહે એમ! ૫૬.

દૈવ પાંશરૂ જેહનું, રક્ષે તેને કર્મ;
કો મારે એને પછી, કરે દેવ યચ્છર્મ? ૭૪.

સપડાએ આફત મહીં, દાવાનળમાં એમ,
ઘેરાએ વા વન મહીં;, હિંસ્ર પશુથી તેમ. ૭૫.

તો એ રક્ષક દેવ જો, મરે ન કદિએ તેહ;
શસ્ત્રાગ્ન્યાદિક સર્વથા;, થાય પરાજિત એહ! ૭૬.

**અ.૪૯**

જીવ સદા પરતંત્ર આ, તોએ મૂરખ એમ
ચિરંજીવ થાવા મથે, તત્ત્વજ્ઞાને તેમ. ૧.

માની આત્મા દેહને, ચહે અમરતા જાણ;
ના જાણે ક્ષર દેહ આ, ભંગે ક્ષણ ક્ષણ માન. ૨.

અગ્નિ ના તણખા યથા, પામે ક્ષણમાં નાશ,
તેમ દેહ જડ આ નકી, જન્મે વણસે ખાસ. ૩.

હું મુઢ એવો તિહાં, કરે મૃત્યુ પ્રતિકાર;
તો એ મોત ન એ ટળે!, વારે કો નિર્ધાર? ૪.

ભાગ્યવંત ભગવાનને, જાય શરણ તું જાણ;
ડરે મોત એથી નકી;, ઈતર મોતથી માન! ૫.

અજત્વ પોતાનું લહી, થાએ તત્પદલીન;
જન્મમરણ તેને નહીં, ના થાએ એ દીન. ૬.

**અ.૫૧**

દોડ બાપ કરુણા કરી, જન્મમૃત્યુ ભય એમ
ટાળી સાંત્વન દે મને;, યાચું અનન્ય તેમ. ૫૯.

**અ.૫૨**

અસાર આ સંસારમાં, એકમેવ એ સાર;
થાય સંગ જો સંતનો, ટળે તોજ યમદ્વાર. ૭૧.

કાલકર્મ ગુણવશ નકી, દેહ સર્વ આ તેમ;
ભાસે મિથ્યા મધ્યમાં, માટે નશ્વર એમ. ૧૨૧.

પડતાં છૂટાં કાળ ને, કર્મ ગુણત્રાય જાણ;
પડે દેહ આ સર્વથા, અકસ્માત તું માન. ૧૨૨.

દેહ સમસ્ત મરે ભલે, મરે ન આત્મા એમ;
મારે કોઈ ન એહને, ના કોને એ તેમ. ૧૨૩.

દેહમાત્ર આ જેટલા, સઘળા વિકાર તેહ
અગ્નિ અન્ન ને જળ તણા;, એમાં ના સંદેહ. ૧૨૬.

સર્વ દેહમાં એક એ, આત્મા અક્ષર[૧] તેમ,
સર્વનિયંતા જાણ તું, ચેતન મંગલ એમ. ૧૨૯.

અજ અવ્યય અવિનાશી એ, કેવળ સ્વયંપ્રકાશ;
જાણી એવું ચિંતતાં, નડે ન માયાપાશ. ૧૩૪.

સંગ ન ત્રાણે દેહનો, જેને નિશ્ચય જાણ;
પ્રત્યગ્ આત્મા બ્રહ્મ એ, એકાદ્વિતીય માન! ૧૩૫.

જાણી એવું જે રહે, મૃત્યુંજય એ તેમ!
કો એને મારી શકે, જ્યાં બીજું ના એમ ? ૧૩૬.

૧. અવિનાશી

**અ.૬૭**

જ્યાં લગ સ્વસ્થ દઢ આ વપુ, કરવું પુણ્ય અમાપ;
ભજન કરી ભગવાનનું, થાવું નિઃસંતાપ. ૬.

મૃત્યુ જીતે તે ભલે, માને નિત્ય શરીર,
અગ્રે ધર્મ કરે ગ્રહી, ત્વદુપદેશ સુધીર! ૭.

ક્ષણક્ષણ આયુ જાય આ;, પલપલ કાળ સમીપ;
સદ્યઃ[1] પૂર્વવયે સદા, કરવો ધર્મ સમીપ; ૮.

વૃદ્ધા યુવા કે બાળ આ, નવ દેખે એ કાળ;
શીઘ્ર કલેવર સંહરે!, ધર્મ કરો તત્કાળ. ૧૨.

નશ્વર આ વપુ; કો કરે, એનો પલ વિશ્વાસ?
મૃત્યુ અહર્નિશ સાથ છે, કરો ન શ્વસ્તન[2] આશ! ૧૩.

કાલે કરવું જે ઘટે, કરવું આજ સુમાત;
ઘડી પછીનું આ ક્ષણે, જુએ મોત ના વાટ! ૧૪.

જે દિન પુણ્ય થયું નહીં, વૃથા દિવસ તે જાણ;
કરુણા યમઉરમાં નહીં;, કરો ધર્મ પ્રમાણ. ૧૯.

દારા ધન પશુ દેહ આ, સુત પરિવાર અસાર;
શાશ્વત માની જે રમે, નરપશુ તેહ ગમાર! ૨૦.

અમર દેહ જેનો ભલે, કરે દુરાગ્રહ એહ,
આગે ધર્મ કરીશ હું;, વૃથા શરીરે નેહ. ૨૩.

**અ.૭૨**

ભવરોગી હું જુગ તણો, પડ્યો મોતને દ્વાર;
કથામૃતસંજીવની, રેડી કરો ભવપાર! ૩.

**અ.૭૪**

જે જાયું તે જાય મા, ફૂલ્યું તે કરમાય;
લિખિત લલાટે ના કદિ, કોથી મિથ્યા થાય. ૧૦૩.

ભાવિઆધીન જગ સહુ, દેવ ઋષિ કિન્નર;
રામાદિક અવતાર પણ, ગયા! કોણ અમર? ૧૦૪.

માટીના સહુ માનવી, ક્ષણમાં માટી થાય,
કોણ અચલ અવની મહીં?, કાળ સર્વને ખાય? ૧૦૫.

**અ.૭૫**

અલખ કહેઃ- એ તાપસી, બ્રહ્મચારી સુજાણ
પ્રેતનિકટ આવી કથે, ખિન્ન સ્ત્રીને જ્ઞાન. ૧.

કહે બટુકઃ- સાંભળ સતી!, મા વ્યર્થ કર દુઃખ,
ક્ષણભંગુર સંસાર આ;, કો પામે ચિર સુખ? ૨.

ચિરંજીવી કોઉ નહીં;, મરવું સહુ ને માત!
જન્મમરણ માયિક સહુ, કહેવા માતર વાત. ૩.

જલબુદ્બુદવત્ વસ્તુઓ, દશ્યમાન સહુ જાણ;
એકે એમાં સ્થિર નહીં, સત્ય વાત આ માન. ૪.

કર્મકારણે ભૂતનો, થતાં પંચ સંયોગ
વ્યક્ત દેહ દેખાય આ;, કર્મક્ષયે વિયોગ. ૫.

માયાવેષ્ટિત સહુ રડે, કહે પુત્ર આ મિત્ર;
પંચભૂત શરીરને, માને મારૂં ચિત્ર! ૬.

ત્રિગુણમયી માયા થકી, થાય ચિત્તમાં ભ્રમ;
અહંમમત્વાદિક વધે, સંસૃતિ કેરો ક્રમ. ૭.

સત્ત્વવૃદ્ધિથી દેવતા, રજથી મનુષ્ય જાણ;
તમોવૃદ્ધિથી અધમતા, કર્માધાર પ્રમાણ. ૮.

સારૂં વા નરસું કરે, જે જે જેવું કર્મ,
તેવું ફળ તેને મળે, જાણ કર્મ નો મર્મ. ૯.

વાવે તે પામે સહુ, નહી કોઈનો દોષ;
કર્માધીન જગત્ બધું, જાણી રાખ સંતોષ ૧૦.

જેવી જેની વાસના, વર્તે ઈન્દ્રિય તેમ;
ગુણાધીન કર્મો કરે, ફળ ઉપજે વળી એમ. ૧૧.

અક્રિય આત્મા ના લહે, માયા મોહિત જન;
સુખદુઃખે લેપાય ને, હસે રડે ક્ષણ ક્ષણ! ૧૨.

સ્વકર્મોદ્ભવ જીવ સહુ, સ્વકૃત ભોગવે જાણ;
અસંગ આત્મા એહને, એથી કાંઈ ન હાન. ૧૩.

કલ્પકોટિ આયુષ્ વહે, દેવ ઋષિ કિન્નર;
કર્મ પછાડે તેમને!, કોણ બાપડા નર? ૧૪.

પ્રાણી દેહાધીન સહુ, દેહ કાળઆધીન;
નાના ગુણકર્મે કરી, ચેષ્ટા કરે સુદીન ૧૫.



૧. એકદમ ૨. આવતી કાલની

દેહધારીઓ સહુ, ષડ્‌વિકારઅધીન;
જન્મે રહે વધે અને, થાય પલકમાં ક્ષીણ. ૧૬.

પોતાનો જે દેહ તે, પણ રહે ના સ્થિર;
સંબંધીની કા કથા?, શોક ન કરે ધીર! ૧૭.

હર્ષ કરે ના જન્મનો, મોત તણો ના ખેદ;
જ્ઞાની અચળ સદા રહે, જાણી મનમાં ભેદ[1]. ૧૮.

જેનું જે લેણું ઘટે, ભોગે ત્યાં લગ તેહ;
કોઈ બાળપણે મરે, ત્યજે તરુણ કો દેહ. ૨૩.

કોઈ જરઠ[2] થતાં લગી, વહે બોજ શરીર
નાંખી એક બીજુ ગ્રહે, જેમ ફાટતાં ચીર. ૨૪.

માયાવેષ્ટિત સહુ જનો, માને મારો દેહ;
માતપિતાસુતઆદિમાં, ધરે મમત્વ સનેહ. ૨૫.

અહો મૂર્ખતા કેવડી!, 'અહં એજ અજ્ઞાન'
ક્યાંથી મારૂં લાવવું? કોણ ઉઘાડે કાન? ૨૬.

ઉપરથી નિર્મલ અહા, કેવો ભાસે દેહ!
રક્તરેત માંહે ભર્યું, માંસાસ્થિ મલ મેહ[3]!! ૨૭.

કોણ શુચિ એને કહે, વિના મૂઢ અજ્ઞાન!
ક્ષણ ભંગુર વળી! કો કરે, પ્રીતિ એ પર આન? ૨૮.

વિધિ લલાટે લેખ જે, લખે કર્મ અનુસાર,
જન્મ સાથ પ્રાણી તણા;, ટળે ન તેહ લગાર. ૨૯.

કોઈ જીતી નવ શકે, કાળકર્મ ને જાણ;
નિત્ય દેહ ન કોઈનો, જેવું સ્વપ્નનિધાન. ૩૦.

સંબંધી જો નિત્ય તો, કહે પૂર્વજનિ માંહ્ય
કોણ હતી તું? મનુજ વા, અન્યજાતીય માય? ૩૨.

ચર્મ માંસ અસ્થિ તણું, ખોખું અતિ મલિન;
મમત્વ રાખી તેહનું, રડે વ્યર્થ હા દીન! ૩૭.

**અ.૮૪**

કાષ્ટટુકડા પૂરમાં, મળે દૈવથી જેમ,
રહી એકઠા ક્ષણ પછી, થાએ વિભક્ત તેમ. ૧૪૧.

મળે પક્ષિગણ વૃક્ષ પર, રાતે ભેગાં જાણ,
પડે વિખૂટાં ફજરમાં;, તેમ સર્વ આ માન. ૧૪૨.

સંસારે ત્યમ આ કહે, જન્મ્યો કો? મૃત કોણ?
સ્ત્રીપુત્રાદિક ભ્રાન્તિ આ, માયામય બહુકોણ! ૧૪૩.

**અ.૮૬**

બ્રહ્મ લિખિત ટળે નહિ, હોય ભાવિ નિર્માણ,
બને તથા તે તે સમે;, શોક નિરર્થક માન. ૭૪.

સુરનર દાનવ સર્વને, જીતે દુર્જય એહ;
માટે ઈશ્વર કાળ એ, અજેય નિઃસંદેહ. ૭૯.

એક ગુરુ વિણ કાળને, જીતે કોઈ ન જાણ;
જોઈ રીઝે ભાવને, સદ્‌ગુરુ એ પણ માન. ૮૦.

**અ.૧૦૪**

માટે જ્ઞાની જન્મથી, કર હર્ષ ના જાણ;
થતાં મરણ દુઃખે કદિ, રડે ન તે જ પ્રમાણ. ૧૫૪.

જન્મ્યો જયારે ગર્ભમાં, આવ્યો મૃત્યુ સાથ;
બાલ્યે તારુણ્યે નકી, વાર્ધક્યે વા ઘાત. ૧૫૫.

**અ.૧૧૭**

વરસ સુધી પણ એહની, રોશો બેસી પાસ;
તોય સજીવ ન એ થશે;, માનો મારૂં ખાસ. ૧૯.

રડતા તમને દેખીને, રડે ન એહ લગાર;
કરો દુઃખ આ વ્યર્થ કાં?, જીવનમાત્ર અસાર! ૨૦.

પરાપૂર્વથી ચાલ્યું એ;, ઋણાનુબંધે તેમ
જન્મે પ્રાણી જગતમાં;, થતાં પૂર્ણ ઋણ એમ. ૨૧.

જાયસર્વને છોડીને, દેખો નજરે એહ;
વૃથા મોહમાં કાં પડી, રહો વ્યર્થ કરી સ્નેહ? ૨૨.

બીજું અચરજ એક ત્યાં, મરે હજારો આંહ્ય!
જુએ દષ્ટિએ તોય નર, સ્વયં અમરતા ચ્હાય !! ૨૩.

આના જેવું અન્ય શું, અહો! અજ્ઞાન આંહ્ય;
જે જે વસ્તુ જગતમાં, એમ ઉત્પન્ન થાય. ૨૪.

નાશ તેહનો નિશ્ચયે, કોઈ ન કોઈ દિવસ;
માયામય જગ આ બધું, ક્ષણભંગુર નીરસ. ૨૫.

૧. રહસ્ય ૨. વૃદ્ધ ૩. મૂત્ર

અ.૧૧૯

પ્રાણીમાત્રસંબંધ આ, પૂર્વકર્માનુસાર
થાય પરસ્પરનો અહીં;, ટકે ન એ નિર્ધાર. ૫૧.

સદા એકધારો કદિ;, થાય ઉત્પન્ન દેહ,
તેમ નાશ પામે સહુ, થતાં કર્મક્ષય તેહ. ૫૨.

એક સમે ભેગા કદિ, થાય ન સઘળા આંહ્ય;
રહે ન સાથે સર્વદા!, શું અચરજ છે ત્યાંય? ૫૩.

જેમ વૃક્ષને પાંદડાં, આવે નૂતન એમ
પડે પક્વ થઈ પ્રથમનાં, આ સઘળું પણ તેમ. ૫૪.

પૂર્વયોગ પૂરો થઈ, થાય નવા સંબંધ;
તૂટી એ બીજા વળી, એવો ઈશપ્રબંધ. ૫૫.

અ.૧૨૦

મરણ સમે સાથે કશું, ના આવે તલપૂર;
કર્મ સાથ જીવ જાય આ, રહે આપ્તજન[1] દૂર! ૭૬.

વાડીવજીફા બંગલા, ધન પશ્વાદિક જેહ,
ન્યાયાન્યાયે મેળવ્યા, કામ ન આવે તેહ. ૭૭.

જેને માટે મૂઢધી, કરે પાપ અનિવાર[2]
રહે જયાંયનો ત્યાંય એ પડી દેહ નિર્ધાર. ૭૮.

દેખે જન પ્રત્યક્ષ આ!, સમજે તોય ન કેમ?
ભિન્ન જીવ જડ દેહથી, કર નિશ્ચય તું તેમ. ૭૯.

જીવ તણા સંબંધથી, ચલનવલન વ્યવસાય
કરે દેહ સ્વતંત્ર ના, જોતાં યથાર્થ આંહ્ય. ૮૦.

થતાં જીવ એ વેગળો, થાય અચેતન દેહ;
કહે મૃત્યુ જન એહને!, કોણ ન જાણે એહ? ૮૧.

સ્પર્શે મોત ન જીવને, અજર અમર એ જાણ;
રહે દેહમાં જયાં લગી, જીવ એહ તું માન, ૮૨.

રાખે પ્રીતિ એહ પર, સગાસંબંધી તેમ;
થતાં વેગળો જીવ એ, ડરે સ્પર્શથી એમ. ૮૩.

થતાં લેશ અપમાન જે, કરતો સહન ન આંહ્ય,
બૂમો પાડી ઊઠતો, અલ્પ દુઃખથી ત્યાંય, ૮૪.

લઈ જઈ સમશાનમાં, બાળે તેને તેમ;
લહે ન સુખદુઃખદિ ત્યાં, કરે ન ચૂંચાં કેમ? ૮૫.

અ.૧૨૧

અહંપણું રાખી વૃથા, મરો કેમ નાદાન?
પરાધીનત્વ ઓળખી, ત્યજો અહં-અભિમાન. ૧૬.

કર્તૃત્વાદ્યભિમાનથી, રહે દૂર જે એમ,
સારૂ નરસું એહને, નડે ન કદિએ તેમ. ૧૭.

હેમ લોહ બંનેયની, સાંકળ સમાન આંહ્ય
બંધનકારક પ્રાણીને;, શંકા લેશ ન ત્યાંય. ૧૮.

એમ મોક્ષપ્રાપ્તિ મહીં, પાપ ઘણેરાં જેહ
તેમ પુણ્ય પણ નિશ્ચયે, પ્રતિબંધક સહુ તેહ. ૧૯.

નરકપ્રાપ્તિ પાપથી, સ્વર્ગ પુણ્યથી જાણ,
જન્મમૃત્યુનું દુઃખ પણ, ટળે ન એથી માન. ૨૦.

પુણ્ય સંગ્રહે જયાંસુધી, ત્યાં લગ સ્વર્ગે વાસ;
થતા પુણ્યક્ષય પાપથી, પુનઃ નરકની ખાસ. ૨૧.

થાએ પ્રાપ્તિ પ્રાણીને, જન્મમરણદુઃખ એમ
ટળે ન કલ્પે પણ નકી, આત્મજ્ઞાન વિણ તેમ. ૨૨.

માટે ફલકાંક્ષા ત્યજી, પુણ્યકર્મ નર આંહ્ય,
કરે ઈશપ્રીત્યર્થ જો, શુદ્ધ ચિત્ત તો થાય. ૨૩.

ઈશકૃપાથી બુદ્ધિમાં, પડે શુદ્ધ પ્રકાશ;
સત્ય જ્ઞાન થઈ મોક્ષપદ, પામે સત્વર ખાસ. ૨૪.

ગત જન્મે સત્કર્મનું, કરે આચરણ જેહ,
આ જન્મે સદસદ્વિચારે, અયત્ને તેહ. ૨૫.

શુદ્ધબુદ્ધિ થઈ જન્મતઃ, ઈશકૃપાથી જાણ
યોગ્ય સદ્‌ગુરુ મેળવી, પામે આત્મજ્ઞાન. ૨૬.

તોડી માયાપાશ એ, સદ્‌ગુરુબોધે એમ,
જીવન્મુક્તિસૌખ્યનો, કરે ઉપભોગ તેમ. ૨૭.

અ.૧૨૯

દશ્યમાન જે આ બધું, થાશે ક્ષણમાં નાશ;
ક્ષણભંગુર આ નિશ્ચયે, સર્વ માયા વિલાસ. ૮૩.



૧. સગાવહાલાં ૨. બેહદ

ગયા દિવસ સહુ વ્યર્થ આ, વૃથા ભોગવ્યા ભોગ!
જીંદગાની એળે ગઈ!!, અંતે શો ઉપયોગ? ૮૪.

**અ.૧૨૯**

માટે ઈશ્વરનું હવે, કર સાવધ તું ધ્યાન!
સૂણી વચન શ્રીગુરુ તણાં, બ્રહ્મચારી એ જાણ. ૧૪૨.

આનંદે હરિનામનો, કરી ઘોષ સુસ્વસ્થ,
ઈશધ્યાનમાં પ્રાણનું, કરે ઉત્ક્રમણ મસ્ત!! ૧૪૩.

ધન્ય ભાગ્ય એનાં નકી, માટે સદ્‌ગુરુ એમ,
અંતકાળમાં સંનિધે, આવ્યા ત્રિમૂર્તિ તેમ. ૧૪૪.

**અ.૧૩૧**

સ્વયં કરાવી શ્રી ગુરુ, દે ક્રમમુક્તિ તેમ;
અંતકાળમાં આવીને, તારે સ્વભક્ત એમ! ૨૦.

★★★★★

## સ્તુત્ય પાત્ર પરિચય

**૯. આયુરાજા :**

પુરૂરવા અને ઉર્વશીનો પુત્ર. દાસ્યભક્તિનો સમર્થક. ચંદ્રવંશમાં જન્મેલ રાજા. 'હતો ધન્ય દાતા વળી રાજા ધાર્મિક એહ.' વળી દત્તભક્ત અને ચક્રવર્તી. પણ સંતતી નહીં. સત્પુત્રની ઈચ્છા. બ્રાહ્મણોને, દૈવજ્ઞોને બોલાવી ઉપાય પૂછયો. દૈવજ્ઞોએ કહ્યું સંતતીનો યોગ નથી પણ સદ્‌ગુરુની કૃપા થાય તો લેખ ઉપર મેખ વાગે. રાજા દત્ત ભગવાનના શરણે આવ્યો અને પ્રાર્થના કરી.

**૧૦. ઈંદુમતી :**

આયુરાજાનાં રાણી. સતી-સાધ્વી-પતિવ્રતા. દત્તપ્રસાદથી પુત્ર થયો અને હુંડ પુત્રને હરી ગયો. રાણી અત્યંત દુઃખી થયાં, રાજા અને રાણી દુઃખમાં ભગવાન દત્તને યાદ કરી રહ્યા. ભગવાને તેમનો પુત્ર શોક અજ્ઞાન દૂર કરવા નારદજીને મોકલ્યા. નારદજીના બોધથી તેમનું અજ્ઞાન દૂર થયું. પુત્ર શોક પણ દૂર થતાં રાણી ભગવાન દત્તની સ્તુતિ કરે છે.

**(અનુ. પાન નં. ૧૩૬)**

## મૃત્યુ મહિમા

મુ.મૂળી ફોઈના વૈધવ્યની અભદ્ર કહાણી સાંભળી પૂ. શ્રી આશ્વાસન આપતા પત્રમાં લખે છે.

મોત શી ચીજ છે ? એમાં અસાધારણ જેવું શું છે ? એક ડગલો ઉતારી બીજો પહેરવો કે એક ઓરડામાંથી ઉઠી બીજા ઓરડામાં જવું, અથવા એક લોટામાંથી પાણી કાઢી બીજામાં રેડવું, એના જેવું જ એ સ્વાભાવિક છે. જેવી રીતે પવનની લહેરથી મધદરિયે બે લાકડાં સાથે મળે અને થોડીવાર સાથે રહી એ જ પવનની લહેરથી મોજાંનો ધક્કો વાગતાં વિખૂટા પડી જુદી જુદી દિશામાં ચાલ્યાં જાય, વળી પાછાં બીજા જોડે જોડાઈ પાછાં છૂટા પડે, તેવી જ રીતે સંસારમાં પૂર્વકર્મના યોગથી પ્રાણીઓ સાથે મળે છે અને ક્ષણવાર સાથે રહી એ કર્મયોગ પૂરો થતા પાછાં વિખૂટાં પડે છે. અજ્ઞાનીઓ આ લાકડાંની જોડ ટૂટમાં સુખદુઃખ માની હસે રડે છે અને જ્ઞાની દ્દષ્ટા થઈ કેવળ વિલોક્યા જ કરે છે. એક અદ્વૈત હાસ્યમાં જ રમ્યા કરે છે.

ગીતાજીમાં પણ શ્રીકૃષ્ણે કહ્યું છે :

જાતસ્ય હિ ધ્રુવો મૃત્યુ, ર્ધુવં જન્મ મૃતસ્ય ચ / (૨/૨૭)

પૂ. શ્રીએ પણ ગાયું છે.

જે જાયું તે જાય, જગતમાં જે જાયું તે જાય;
ફૂલ્યું તે કરમાય, જગતમાં જે જાયું તે જાય.

એક દોરી સાથે પથ્થર બાંધી તેનું લોલક બનાવીએ, પછી દોરીનો એક છેડો બાંધી લોલકને આંદોલિત કરીએ. તે મુજબની આપણા જીવન-મૃત્યુની ઘટમાળ છે. લોલક બે અંતિમ બિંદુ વચ્ચે ભમે છે તેમ આપણે જન્મ અને મૃત્યુ વચ્ચે આંદોલિત થયા કરીએ છીએ. પૃથ્વીના ગુરુત્વાકર્ષણના બળના કારણે લોલકનો આંદોલનનો વિસ્તાર ધીમે ધીમે ઘટીને અંતે સ્થિર થઈ જાય છે તેમ આપણે ગુરુગમ્ય જ્ઞાન બળે ધીમે ધીમે સ્થિર થઈ મૃત્યુને જીતવાનું છે.

પૂ. શ્રી એ ઉપરના જ ભજનમાં છેલ્લે ગાયું છે : રંગ જ્ઞાન વિણ મોત ટળે ના, નિર્ભય કેમ થવાય ? મોહ મૃત્યુ એ સૂત્ર સનાતન, અનુભવથી જ તરાય... જે જાયું...

આમ જ્ઞાનબળે મૃત્યુ પર વિજય પ્રાપ્ત કરવાથી આત્માનુભવ થાય. પછી જીવતા સુધી જીવનમુક્ત અવસ્થા અને મૃત્યુ બાદ વિદેહ કૈવલ્ય (સાયુજ્ય મુક્તિ)ની પ્રાપ્તિ થાય આમ બંને હાથમાં લાડુ.

આવા જ્ઞાની માટે અંગ્રેજ સાહિત્યકાર મિલ્ટને પણ કહ્યું છે કે

મૃત્યુ અનંતના મહેલને ઉઘાડતી સોનેરી ચાવી છે.

બીજી વાત એમ છે કે મૃત્યુથી જગતમાં જીવંતપણું જળવાઈ રહે છે. જેમ વિકેટ પડે તેમાં જ ક્રિકેટની મઝા છે. જો વિકેટને સિંમેટથી જડી નાંખો તો ? વિકેટ જ ન પડે તો રમત નિરસ થઈ જાય. તેમ મૃત્યુ પણ આનંદની વાત છે. ધારો કે કોઈ મરે જ નહીં તો ? આ વાત જ હાસ્યાસ્પદ લાગે છે.